# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨(B) તા.૦૬-૦૪-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કોમન પ્રવેશ પરીક્ષાના મહાવરા માટેના પ્રશ્ન પત્રો ઉપલબ્ધ થવા બાબત અને અને તેના મહાવરા માટે શાળામાં પ્રેકટીસ કરાવવા બાબત.

સંદર્ભ:- ૧. પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/C&E/૨૦૨૩/૧૦૬૬૨-૧૦૭૪૪, તા. ૦૬/૦૪/૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪ થી સામાજિક ભાગીદારી દ્વારા ખાસ કરીને સરકારી શાળાઓમાં ભણતા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શ્રેષ્ઠ ભૌતિક અને ડીઝીટલ ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓથી સજ્જ ભાવિષ્યલક્ષી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તેમજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય, રમતગમત, કલા અને કૌશલ્ય તાલીમ અને શ્રેષ્ઠ શિક્ષણ પદધતિઓ પ્રદાન કરીને શ્રેષ્ઠ શિક્ષણ માટેની અમૂલ્ય તક ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે રેસીડેનિશયલ સ્કૂલમાં નિવાસી છાત્રાલયના સ્વરૂપમાં નિ: શુલ્ક સરકારે ખુલ્લી મૂકી છે.

આ માટે ધો. ૬માં આવતા વિદ્યાર્થીઓ માટે CET પરીક્ષાનું આયોજન કરેલ છે. આ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ દ્વારા મહત્તમ ફોર્મ ભરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાનો ડર દૂર થાય તેમજ તેઓ સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે તૈયાર થાય અને મહત્તમ વિદ્યાર્થીઓ મેરીટમાં આવે તે હેતુથી CET ના ફોર્મ ભરેલ વિદ્યાર્થીઓને GCERT ની વેબ સાઇટ પર આપેલ લીંક https://rb.gv/5y198 મુજબના નમુના પ્રશ્નપત્રોની તૈયારી શિક્ષકો દ્વારા નીચે જણાવ્યા મુજબ કરાવવા જણાવવામાં આવે છે.

ધો. ૫ - તા. ૧૧/૦૪/૨૦૨૩ થી ૨૬/૦૪/૨૦૨૩ દરમ્યાન રોજના ૧ તાસ

ધો. ૬ - તા. ૦૬ એપ્રિલ થી ૧૧ એપ્રિલ , ૨૧ થી ૨૬ એપ્રિલ ૨૦૨૩ રોજ ૧ તાસ.

બિડાણ:- ઉપર મુજબ

તા. ૦૬-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

રીડર

ક્રમાંક : જીસીઈઆરટી/ C&E/2023/ 10662 - 10740
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 06 /04/ 2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષયઃ કોમન પ્રવેશ પરીક્ષાના મહાવરા માટેના પ્રશ્નપત્રો વેબસાઈટ પર ઉપલબ્ધ થવા બાબત.
સંદર્ભઃ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ રાપબો/ CET/ ૨૦૨૩ /૩૩૮૮-૩૫૨૭ તા.૨૦/૦૩/૨૦૨૩

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ્સ, જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સની કોમન પ્રવેશ પરીક્ષા તા. ૨૭/૪/૨૦૨૩ ના રોજ લેવાનાર છે.

સદર પરીક્ષાના મહાવરા માટેના પ્રશ્નપત્રો તૈયાર કરી જીસીઈઆરટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનો ઉપયોગ સદર પરીક્ષા આપનાર વધુમાં વધુ વિદ્યાર્થીઓ મહાવરા માટે કરી શકે તે માટે આપના તાબા હેઠળની શાળાઓને જાણ કરવા આપની કક્ષાએથી ઘટિત કાર્યવાહી કરશો.

કોમન પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રોની મહાવરાની લિંકઃ
**https://rb.gy/5y198**

રીડર
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- માન.કન્વીનરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.